# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**ઉત્તરસંડાથી ગરબા રમવા આવેલી યુવતીએ અચાનક કેનાલમાં કેમ કૂદી ? તે અંગે તપાસનો ધમધમાટ**

# નડિયાદ શહેરમાં ગરબા રમવા આવેલી યુવતીએ અચાનક કેનાલમાં ઝંપલાવ્યું

**પિતાને કોલ કરીને** લેવા બોલાવ્યા અને ગણતરીની મિનિટોમાં યુવતી કેનાલમાં ઝંપલાવ્યું

(પ્રતિનિધિ) નડિયાદ, તા.8

નડિયાદમાં કોલેજ રોડ પરની કેનાલમાં યુવતીએ પડતુ મૂક્યાની ઘટના બની છે. ઘટનાની જાણ થતાં પોલીસ, ફાયર બ્રિગેડ બનાવ સ્થળે દોડી જઈ શોધખોળ આદરી હતી. પરંતુ કેનાલમાં પડતુ મુકનાર યુવતીની કોઈ ભાળ મળી આવી નહોતી. તો બીજી તરફ પોલીસે પણ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

નડિયાદ તાલુકાના ઉત્તરસંડા ગામે ક્રિશ્ચયન વિસ્તારમાં રહેતી 30 વર્ષિય ડેઈઝી જશુભાઇ પરમાર નામની યુવતીએ કોઈ કારણસર નડિયાદ પાસેની કોલેજની નહેરમાં ઝંપલાવ્યું હતું. આજે વહેલી સવારે ગરબાની રમઝટ માણી આ યુવતીએ કોઈ અગમ્ય કારણોસર નહેરના પાણીમાં ઝંપલાવ્યું હતું. આ ઘટનાની જાણ નડિયાદ ફાયરબ્રિગેડને થતાં તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા જે બાદ નહેરના પાણીમાં શોધખોળ આદરવામાં આવી હતી. પરંતુ યુવતીની કોઈ ભાળ મળી આવી નહોતી.

ડેઈઝી પરમારના નજીકના સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ ઝંપલાવનાર દીકરી પોતે MBBS થયેલી છે અને ફિલિપાઈન્સમાં ભણી છે. ગતરોજ ગરબા ગાવા ડેઈઝી પોતાની નાની બહેન સાથે નીકળી હતી. જે બાદ વહેલી સવારે બંને પરત આવતા કોલેજ રોડની નહેર પાસે નાની બહેનને કહેલ કે તું ઘરે જા હું આવુ છુ તેમ કહી તેણીની નજર તળે જ ડેઈઝે નહેરના પાણીમાં ઝંપલાવ્યુ હતું.

આ બનાવ મામલે ફાયર ઓફિસર ચિરાગભાઈ ગઢવીએ જણાવ્યું કે, અમને વહેલી સવારે 5 વાગ્યે કોલ મળેલો હતો. કે કોઈ યુવતી કેનાલના પાણીમા પડી છે જે બાદ અમે અને અમારી ટીમ દ્વારા કેનાલ ખાતે દોડી જઈ કેનાલના પાણીમાં શોધખોળ આદરી હતી. દોરડા, ટાયર મારફતે રાતથી સવારે 10 વાગ્યા સુધી શોધખોળ આદરી પણ ભાળ મળી આવી નહોતી.

આ અંગે માહિતી મુજબ યુવતીએ ગરબા રમીને ઘરે જતા સમયે પિતાને કોલ કરી અને લેવા માટે પણ બોલાવ્યા હતા. આ વચ્ચે જ ડેઈઝીએ કેનાલમાં ઝંપ લાવી દીધુ છે અને હજુ સુધી યુવતીની ભાળ મળી નથી. જેથી પરીવાર ચિંતામાં ગરકાવ થયો છે.

### તો શું યુવતીને ગરબામાં ઝઘડો થયો?

ઉતરસંડાની એમબીબીએસ યુવતી નડિયાદના ગરબા મહોત્સવમાં ગરબા માટે પહોંચી હતી. તેની સાથે ગરબામાં પારાવારિક સંબંધીઓ સહિત મિત્ર વર્તુળના લોકો હાજર હતા. દરમિયાન ગરબા મહોત્સવમાં જ યુવતીને કોઈની સાથે માથાકૂટ થઈ હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. આ ઝઘડો કોની સાથે અને કેમ થયો? અથવા તો ઝઘડો થયો છે કે કેમ? તે તમામ સવાલોના જવાબ હજુ અકબંધ છે. અત્યાર સુધી કોઈ પણ જાતની પુષ્ટિ થઈ નથી. આ વચ્ચે યુવતીએ તેના પિતાને લેવા બોલાવ્યા બાદ રાહ જોવાને બદલે કેનાલમાં કેમ ઝંપલાવ્યું લાવ્યું? તે તમામ બાબતો હજુ રહસ્ય જ છે.

## કરમસદ શ્રીકૃષ્ણ હોસ્પિટલ દ્વારા હેલ્ધી હાર્ટ વોકેથોન યોજાઇ





કરમસદ સ્થિત શ્રીકૃષ્ણ હોસ્પિટલના ભાનુભાઈ અને મધુબહેન પટેલ કાર્ડિયાક સેન્ટરના 16મા સ્થાપના વર્ષની ઉજવણીના ભાગરૂપે 8મી હેલ્ધી હાર્ટ વોકેથોન મંગળવારના રોજ યોજાઇ હતી. આ વોકેથોનનો મુખ્ય ઉદ્દેશ લોકસમુદાયમાં હૃદયરોગ વિશે અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા વિશેની જાગૃતિ ફેલાવવાનો હતો. આશરે બે હજારથી વધુ લોકોએ ઉમંગભેર વોકેથોનમાં ભાગ લીધો હતો. આ વોકેથોનનું પ્રસ્થાપન ચારુતર આરોગ્ય મંડળના મેમ્બર જાગૃત ભટ્ટ, ચારુતર વિદ્યામંડળના ચેરમેન ભીખુભાઈ પટેલ, જીસીએમએમએફ (અમૂલ)ના મેનેજીંગ ડાયરેક્ટર જયેન મહેતાએ કર્યું હતું. જ્યારે ચારુતર આરોગ્ય મંડળના માનદ મંત્રી અમિત પટેલ, ભાઇકાકા યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. અભય ધરમસી, રજીસ્ટ્રાર ડો. જ્યોતિ તિવારી, વિગેરે હાજર રહ્યાં હતાં.

# ભુમેલ નજીક અકસ્માતમાં બાઈક સવાર બાળકનું મોત

**મિનીટ્રક ચાલકે** સાઇડ લાઇટ બતાવ્યા વગર જ ટ્રેક ચેન્જ કરતાં અકસ્માત થયો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.8

નડિયાદના ભૂમેલ નજીક આવેલા નેશનલ હાઈવે પર ઓવર બ્રીજ ચડતા મિનીટ્રક સાથે સર્જાયેલા અકસ્માતમાં બાઈક સવાર બાળકનું ગંભીર ઈજા થતા ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે બાઈક ચાલક સહિત ત્રણને ઈજા પહોંચી હતી. આ અંગે વડતાલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નડિયાદ શહેરના પારિજાત ફ્લેટ, પીજ રોડ પર રહેતા જીગરભાઈ મહેશભાઈ સુથાર તેમની પત્ની ચેતાલીબેન, તેમનો દીકરો તથા ભત્રીજા ધાર્મિકને બેસાડી મોટરસાયકલ લઈ આણંદ જઈ રહ્યા હતા. આ દરમિયાન ભૂમેલ ઓવરબ્રિજ ચડતા આગળ જતી આઈસરની ઓવરટેક કરવા જતા આઈસર ચાલકે સાઈડ લાઈટ બતાવ્યા વગર સાઈડમાં લેતા મોટરસાયકલ ડ્રાઈવર સાઈડે અડફેટે આવી જતાં બાઇક સવાર તમામ રોડ ઉપર ફંગોળાઈ ગયા હતા.જે પૈકી ધાર્મિક સુથાર (આશરે ઉંમર વર્ષ ૬) નું ગંભીર ઈજા થતા ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. આ બનાવની જાણ થતા આજુબાજુના લોકોએ દોડી આવી ઈજાગ્રસ્તોને સારવાર માટે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા.

આ બનાવની જાણ થતા વડતાલ પોલીસ તુરંત જ ઘટના સ્થળે દોડી ગઈ હતી. આ બનાવ અંગે ચેતાલીબેન જીગરભાઈ સુથારની ફરિયાદ આધારે વડતાલ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

**નડિયાદના આડીનાર કોમ્પ્લેક્સમાં સંસ્થાના સંચાલકે કૌભાંડ આચર્યું**

# નડિયાદમાં સરકારી યોજનાનો લાભ આપવાના બહાને છેતરપિંડી

**સિલાઈ મશીન તેમજ** આવાસ યોજનાની સહાય આપવાનું કહી નાણા પડાવ્યાં

(પ્રતનિધિ) નડિયાદ તા.8

નડિયાદ શહેરમાં છેલ્લા કેટલાક વરસોમાં વિવિધ સરકારી યોજનાના નામે જરૂરિયાતમંદ વ્યક્તિઓ પાસેથી લાખો રૂપિયા પડાવવાનું રિતસર ધીકતો ધંધો ચાલી રહ્યો છે. શહેરના ડાકોર રોડ ઉપર આવેલા આડીનારના કોમ્પલેક્ષમાં માલપુરના ગઠીયાએ પાલન સેવા સંસ્થા નામની ઓફિસ ખોલી મહિલાઓને રાહત દરે સિલાઈ મશીન તેમજ આવાસ યોજનાની સહાય આપવાની લાલચ આપી નાણા પડાવ્યાં હતાં.

નડિયાદ તાલુકાના પાલૈયામાં રહેતા દક્ષાબેન જુવાનભાઈ ઉર્ફે જગદીશભાઈ સોલંકી તેમની જેઠાણી સાથે વિધવા સહાયના પૈસા ઉપાડવા નડિયાદ ગયા હતા. તેઓ નડિયાદથી રિક્ષામાં ઘરે જતા હતા આ દરમિયાન જાણવા મળેલ કે આડીનાર ચોકડી પર આવેલ કોમ્પલેક્ષમાં પાલન સેવા સંસ્થા મહિલાઓને રાહત દરે સિલાઈ મશીન તેમજ આવાસ યોજનાની સહાય અપાવે છે. જેથી દક્ષાબેન સોલંકીએ આડીનાર ચોકડી પર આવેલ પાલન સેવા સંસ્થાની ઓફિસમાં જઈ સંચાલકનો સંપર્ક કરતા ગિરધર સામળ પરમાર (રહે. નડિયાદ, મૂળ રહે. માલપુર તાલુકો વડાલી) એ સંસ્થા દ્વારા રાહત દરે સિલાઈ મશીન તેમજ આવાસ યોજનાની સહાય અપાવવાની લાલચ આપી હતી.આ સિલાઈ મશીન મેળવવા સભ્ય બનાવવા મહિલા પાસેથી રૂ.1100 ભરાવવામાં આવ્યા હતા. તેમાં સિલાઈ મશીન માટે રૂ.3 હજાર તથા આવાસની સહાય માટે રૂ.2700 લેવામાં આવ્યા હતા. આ ઈસમે આઠ દસ દિવસમાં સિલાઈ મશીન તેમજ આવાસની સહાય મળી જશે, તેવો વિશ્વાસ આપ્યો હતો. આ મહિલા ઉપરાત ચંપાબેન ગોપાલભાઈ સોલંકી તેમજ જલ્પાબેન રણજીતભાઈ ચાવડા (રહે. હાથજની મુવાડી)એ પણ સિલાઈ મશીન તેમજ આવાસ યોજનાની સહાય મેળવવા રૂ.છ હજાર આપ્યા હતા.બાદમાં ઘણો સમય થવા છતાં સિલાઈ મશીન કે આવાસ સહાય ન મળતા તેઓએ ઓફિસ પર જઈ તપાસ કરતા સંસ્થાના સંચાલક ગિરધર પરમાર અન્ય જિલ્લાઓમાં પણ પાલન સંસ્થા ખોલી મહિલાઓ સાથે છેતરપિંડી કરી હોવાનું જણાવ્યું હતું. આ બનાવ સંદર્ભે દક્ષાબેન સોલંકીની ફરિયાદ આધારે ચકલાસી પોલીસે ગિરધર શામળ પરમાર સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# રામોલમાં સંતાન ન થતાં પરિણીતાને ત્રાસ આપ્યો

**મહેમદાવાદ પોલીસે** રામોલ રહેતા સાસરિયા સામે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.8

વસો તાલુકાના રામોલની પરણીતાને સંતાન ન થતા છૂટાછેડા આપી દેવાનું કહી સાસરીયાઓએ શારીરિક માનસિક ત્રાસ ગુજારી ઘરમાંથી કાઢી મૂકી હતી. આ બનાવ અંગે પરણીતાએ સાસરીયા સામે ફરિયાદ નોંધાવતા મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

મહેમદાવાદ તાલુકાના ઘોડાસર અજબપુરામાં રહેતા કાંતિભાઈ રાવજીભાઈ ચૌહાણની દીકરી ઈના બેનના લગ્ન વર્ષ ૨૦૧૭ માં વસો તાલુકાના રામોલમાં રહેતા નીતિનભાઈ વિઠ્ઠલભાઈ સોલંકી સાથે થયા હતા. શરૂઆતમાં પરીણિતાનું લગ્નજીવન સુખમય પસાર થયું હતું. પરંતુ બાદમાં પતિને અન્ય સ્ત્રી સાથે આડા સંબંધ હોય અવારનવાર ઝઘડા કરી ત્રાસ ગુજારવામાં આવતો હતો. તેમજ લગ્નને ઘણો સમય થવા છતાં સંતાન ન થતા સાસરીયા પરણીતાને સંતાન થતું નથી છૂટાછેડા આપી દે તેમ કહી ઝઘડો કરી 7મી ઓક્ટોબરના રોજ ઈનાબેનને સાસરીમાંથી કાઢી મૂકી હતી.

આ બનાવ અંગે ઈનાબેન કાંતિભાઈ ચૌહાણની ફરિયાદ આધારે મહેમદાવાદ પોલીસે નીતિનભાઈ વિઠ્ઠલભાઈ સોલંકી, સજનબેન વિઠ્ઠલભાઈ સોલંકી તેમજ જયેશભાઈ વિઠ્ઠલભાઈ સોલંકી સામે ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# વીરપુરમાં પરિણીતાને સાસરિયાએ ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુકી

**પરિણીતાનું લગ્ન જીવન** માંડ છ મહિના ચાલ્યું ત્યાં ભંગાણ પડ્યું

(પ્રતિનિધિ) વીરપુર તા.8

વીરપુરમાં રહેતી પરિણીતાને તેના સાસરિયાએ ઘરના કામકાજ બાબતે હેરાન પરેશાન કરી તકરાર કરી ત્રાસ આપ્યો હતો. આ અંગે સમાધાન માટે ભેગા થતાં પરિણીતા અને તેના ભાઈ સાથે ઝગડો કરી ઝપાઝપી કરી હતી.

લુણાવાડાના માળના મુવાડામાં રહેતા હસુમતિબહેનના લગ્ન 28મી જાન્યુઆરી,24ના રોજ કલ્પેશ કિર્તન પટેલ (રહે.રાજપુર, તા. વીરપુર) સાથે થયાં હતાં. આ સમયે હસુમતિબહેનના ભાઈ ક્રિષ્નના લગ્ન તેની નણંદ સેજલબહેન સાથે થયાં હતાં. આમ, સામા સાટીયામાં લગ્ન થયાં હતાં. આ લગ્નના બે મહિના બાદ સાસુએ ઘરના કામકાજ બાબતે ઝઘડા શરૂ કરી દીધાં હતાં. આ અંગે હસુમતિબહેને તેના પતિ કલ્પેશને વાત કરતાં તેણે બન્નેને સમજાવ્યાં હતાં. પરંતુ સાસુનો ત્રાસ ધીરે ધીરે વધવા લાગ્યો હતો. આ ઉપરાંત નણંદ સેજલબહેનને પણ ચઢવણી કરતાં હતાં. જ્યારે જેઠ મહેશ કિર્તન પટેલ, નિકુંજ કિર્તન પટેલ પણ ઝઘડો કરી ત્રાસ આપતાં હતાં.

દરમિયાનમાં 11મી જુલાઇ,2024ના રોજ હસમુતિબહેન અને તેના સાસુ ધર્મિષ્ઠાબહેનને ઝઘડો થતાં પિયર પિતાને જાણ કરતાં તેઓ સાસરીમાં દોડી આવ્યાં હતાં. આ વખતે સમાધાનની વાતચીત દરમિયાન જેઠ નિકુંજ, મહેશ ઉશ્કેરાઇ ગયાં હતાં અને હસુમતિબહેનના ભાઈ ક્રિષ્નની સાથે બોલાચાલી કરી ઝપાઝપી કરવા લાગ્યાં હતાં. આથી, સમાધાનની વાત પડતી મુકી હસુમતીબહેન તેમના પિયરમાં પરત આવી ગયાં હતાં. આ અંગે તેઓએ મહીસાગર જિલ્લા મહિલા પોલીસ મથકે સાસુ ધર્મિષ્ઠાબહેન પટેલ, જેઠ નિકુંજ કિર્તન પટેલ, મહેશ કિર્તન પટેલ અને નણંદ સેજલબહેન ક્રિષ્ન પટેલ સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખંભાત ડેમુ ટ્રેનમાં અશ્લીલ હરકત કરતો યુવક પકડાયો

**પંડોળી સ્ટેશનથી** મહિલાઓના ડબ્બામાં ચડેલા યુવકની હરકતથી હોહા મચી

(પ્રતિનિધિ) આણંદ તા.8

ખંભાત - આણંદ ડેમુ ટ્રેનમાં પંડોળીથી ચડેલા યુવકે મહિલાઓના ડબ્બામાં ઘુસી અશ્લીલ હરકત કરી હતી. આ અંગે હોહા મચી ગઈ હતી. આ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખંભાત -આણંદ ડેમુ ટ્રેનના લેડીઝ ડબ્બામાં સોમવારના રોજ એક 40 વર્ષિય યુવક પંડોળીથી ચડી ગયો હતો. આ શખ્સે એક યુવતીની સામેની સીટ પર બેસીને પેન્ટની ચેઈન ખોલીને અશ્લીલ હરકતો શરૂ કરી હતી. જેથી યુવતી અને આસપાસ અન્ય મહિલાઓ પણ ગભરાઇ ગઈ હતી. આથી, તેણીએ તુરંત મોબાઈલથી ફોટા પાડી લીધા હતા અને આ અંગે રેલવે પોલીસનો સંપર્ક કરી તાત્કાલિક ફરિયાદ નોંધાવી હતી. જોકે, યુવક ખંભાત તરફ જતી ડેમુ ટ્રેનમાં બેસીને નિકળી ગયો હતો. પરંતુ પોલીસે તેને ઝડપી પાડી પુછપરછ કરતાં તે અશ્વિન કાંતિ મહિડા (ઉ.વ.40, રહે. ખંભાત) હોવાનું જણાવ્યું હતું. આ અંગે રેલવે પોલીસે તેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## રાસ્કા અને સાંખેજમાં જુગાર રમતા છ જુગારીયા ઝડપાયા

(પ્રતિનિધિ) નડિયાદ તા.8

મહેમદાવાદ પોલીસે રાસ્કા ઈન્દિરા નગરી જવાના રસ્તા પર જુગાર રમતા ચાર જુગારીને ઝડપી પાડ્યા હતા. જ્યારે ખેડા ટાઉન પોલીસે સાંખેજ ગામે વડ નીચે જુગાર રમતા બે ને જુગાર રમવાના સાધનો સાથે ઝડપી પાડ્યા હતા.

મહેમદાવાદ પોલીસે રાસ્કા જવાના રસ્તા પર ઈન્દિરા નગરી પાસે રેડ પાડી જુગાર રમતા જગદીશભાઈ દલસુખભાઈ, બાબુભાઈ મંગાભાઈ પરમાર, મુકેશભાઈ અંબાલાલ ઝાલા તેમજ ગીરીશભાઈ ખોડાભાઈ પટેલને રૂ.4590 સાથે ઝડપી પાડ્યા હતા. આ અંગે મહેમદાવાદ પોલીસે જુગાર ધારા હેઠળ ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

જ્યારે ખેડા ટાઉન પોલીસે સાંખેજ તાબે દોડપુરામાં વડ નીચે ખુલ્લામાં હાર જીતનો પત્તા પાનાનો જુગાર રમતા અર્જુનભાઈ જયંતીભાઈ વસાવા તેમજ રોનકભાઈ ગોપાલભાઈ પટેલને રોકડ રૂ.860 સાથે ઝડપી પાડ્યા હતા. આ બનાવ અંગે ખેડા ટાઉન પોલીસે ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.


**The Co-Operative Bank of Rajkot Ltd.** Multi State Co-Operative Bank — Raj Bank

## હરાજી કમ વેચાણ માટેની જાહેર નોટીસ

આથી તમામ જાહેર જનતાની જાણ અર્થે નોટીસ આપી જણાવવામાં આવે છે કે, રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની મળેલ મંજુરી અનુસાર ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.ની માલીકીની નીચે જણાવેલ આણંદ શાખા તથા ડાકોર શાખાનું અન્ય જગ્યાએ ફેરબદલ થયેલ હોય, આ શાખાની ફાજલ થયેલ જગ્યા જાહેર હરાજીથી વેચાણ કરવાનું નક્કી કરેલ છે. જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

**૦૧. મિલ્કતનું વર્ણન : (આણંદ)**

(૧) રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અને તા. આણંદના મોજે ગામ આણંદની ટીપી સ્કીમ નં. ૧ નાં ફાઈનલ પ્લોટ નં. ૧૬ જેનું ક્ષેત્રફળ સુમારે ચો.મી. ૩૮૭.૨૧.૮૭ માં બાંધવામાં આવેલ નગીનદાસ ચેમ્બર્સના બેઝમેન્ટ કે ભોયરું તેમાં આવેલ ચોક સહીતનું ક્ષેત્રફળ સુમારે ૩૦૨.૮૯ ચો.મી. છે, જેમાં ૨૭૯.૪૯ ચો.મી.નું બાંધકામ કરેલ છે અને બાકીની ૨૩.૪૦ ચો.મી. જગ્યા ચોકની ખુલી છે, જેમાં પાણીની ટાંકી આવેલી છે. આ રીતના બાંધકામવાળી બેઝમેન્ટની મિલ્કત તથા તેની ઉપર આવેલ ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ દુકાનો પૈકી ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં. ૧૦૩ જેનું બાંધકામ ક્ષેત્રફળ સુમારે ૧૨.૫૪ ચો.મી. છે. **જેની ચર્તુદિશા નીચે મુજબ છે : બેઝમેન્ટ : પૂર્વે :** ફાઈનલ પ્લોટ નં. ૧૭ની મિલ્કત, પશ્ચિમ : અન્યની મિલ્કતો (દુકાનો), ઉત્તર : મહાત્મા ગાંધી માર્ગના નામથી ઓળખાતો આણંદ સ્ટેશન રોડ આવેલ છે, દક્ષિણ : ફાઈનલ પ્લોટ નં. ૧૫ની મિલ્કત છે. **દુકાનની ચર્તુદિશા : પૂર્વે :** કોમન સંડાસ-બાથરુમ આવેલ છે, **પશ્ચિમ :** ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં. ૧૦૪ આવેલ છે, જે વચ્ચેની દિવાલ સહીયારી ગણવાની છે, **ઉત્તર :** આવવા-જવાનો આશરે ૫ ફૂટ પહોળો પેસેજ છે, **દક્ષિણ :** આ ફાઈનલ પ્લોટની હદ મુકી ફાઈનલ પ્લોટ નં. ૧૫ની મિલ્કત છે.

(૨) રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અને તા. આણંદના મોજે ગામ આણંદની ટીપી સ્કીમ નં. ૧ નાં ફાઈનલ પ્લોટ નં. ૧૬ જેનું ક્ષેત્રફળ સુમારે ચો.મી. ૩૮૭.૨૧.૮૭ માં બાંધવામાં આવેલ નગીનદાસ ચેમ્બર્સના ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં. ૧૦૪ જેનું બાંધકામ ક્ષેત્રફળ સુમારે ૧૬૧.૨૫ ચો.ફૂટ એટલે કે ૧૪.૯૮.૬૦ ચો.મી. છે તે રીતે તેની જોડાજોડ આવેલ દુકાન નં. ૧૦૫ જેનું બાંધકામ ક્ષેત્રફળ સુમારે ૧૬૧.૨૫ ચો.ફૂટ એટલે કે ૧૪.૯૮.૬૦ ચો.મી. છે આમ બંને દુકાનનું કુલ ક્ષેત્રફળ ૨૯.૯૭.૨૦ ચો.મી. છે. **જેની ચર્તુદિશા નીચે મુજબ છે : પૂર્વે :** દુકાન નં. ૧૦૩, ગ્રાઉન્ડ ફ્લોર, **પશ્ચિમ :** ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં. ૧૦૬ આવેલ છે, જે વચ્ચેની દિવાલ સહીયારી ગણવાની છે, જે આશરે ૯ ઈંચ પહોળાઈની છે, **ઉત્તર :** પેસેજ તથા અન્ય ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન, **દક્ષિણ :** ફાઈનલ પ્લોટ નં. ૧૫ની મિલ્કત આવેલ છે.

**ટુકું સરનામું : નગીનદાસ ચેમ્બર્સ, મહાત્મા ગાંધી રોડ (સ્ટેશન રોડ), આણંદ.**

| રીઝર્વ કિંમત રૂા. : ૬૧,૫૦,૦૦૦/- | ઈ.એમ.ડી. રકમ રૂા. : ૬,૫૦,૦૦૦/- | બીડ વધારાની રકમ રૂા. : ૧,૦૦,૦૦૦/- |
|---|---|---|

**૦૨. મિલ્કતનું વર્ણન : (ડાકોર)**

(૧) રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ખેડાના તાલુકા ઠાસરાના મોજે ગામ ડાકોર મધ્યે લક્ષ્મીજી રોડ ઉપર આવેલ સીટી સર્વે નં. ૫૩૯ જે માપે ૮.૭૦ ચો.મી. તથા સીટી સર્વે નં. ૫૪૧ જે માપે ૧૫.૬૦ ચો.મી. તથા સીટી સર્વે નં. ૫૪૦ જે માપે ૧૨૬.૯૮ ચો.મી. વાળી મિલ્કત આવેલ છે, જેની ચર્તુદિશા આ મુજબ છે : પૂર્વે : બડીયા કાકાની ખીડકી, પશ્ચિમ : જાહેર રસ્તો, ઉત્તર : ધોબીની ધર્મશાળા, દક્ષિણ : હરિશંકર સોનીની દુકાનની મિલ્કત છે.

**ટુકું સરનામું : લક્ષ્મીજી રોડ, મંદિર પાસે, ડાકોર, જી. ખેડા**

| રીઝર્વ કિંમત રૂા. : ૧,૦૯,૫૦,૦૦૦/- | ઈ.એમ.ડી. રકમ રૂા. : ૧૦,૫૫,૦૦૦/- | બીડ વધારાની રકમ રૂા. : ૧,૦૦,૦૦૦/- |
|---|---|---|

| હરાજી પ્રક્રિયા સંબંધિત મહત્વપૂર્ણ માહિતી | | |
|---|---|---|
| ૧. | જાહેર નિરીક્ષણની તારીખ અને સમય તથા કોન્ટેક નંબર | તા. ૧૫.૧૦.૨૦૨૪, મંગળવારના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી મો.નં. ૯૯૯૮૬ ૮૬૨૧૯ |
| ૨. | બિડ જમા કરાવવાની છેલ્લી તારીખ | તા. ૨૮.૧૦.૨૦૨૪, સોમવારના રોજ બપોરે ૪.૦૦ વાગ્યે અથવા એ પહેલા |
| ૩. | હરાજીની તારીખ, સમય અને હરાજી તથા બીડ જમા કરાવવાનું નું સ્થળ | તા. ૨૯.૧૦.૨૦૨૪, મંગળવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી. - આણંદ શાખા સંકેત કોમ્પ્લેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર, ગ્રીડ ચોકડી, ટાઉન હોલ પાસે, આણંદ. |

**હરાજીની શરતો અને નિયમો :** (૧) બીડર તમામ બાબતોની સંપૂર્ણ ચકાસણી કરવા માટે તેમજ સુચવેલ તારીખ અને સમયે ઉપર જણાવેલ મિલ્કતની વિગતોનું નિરીક્ષણ કરવા જવાબદાર છે. બીડ ભરતા પહેલા મિલ્કતનું ઈન્સ્પેકશન કરવાની જવાબદારી અને મિલ્કત પરત્વે તમામ બાબતોનું સંતોષકારક રીતે ડ્યુડીલીજન્સ કરવાની તમામ જવાબદારી બિડરની છે. બીડર મિલ્કતનું ઈન્સ્પેકશન સંબંધિત બેંક અધિકારી સાથે કન્સલ્ટેશનથી અને સંમતિ બાદ કરશે. બીડરને હરાજીની કોઈ શરતો સમજવામાં કોઈપણ જાતની મુશ્કેલી પડે તો તે અધિકૃત અધિકારી, મો.નં. ૯૩૧૩૯ ૨૬૪૩૪ નો હરાજી પહેલા કે હરાજી દરમ્યાન સંપર્ક કરી સમજણ મેળવી શકશે. (૨) બીડરે ઓથોરાઈઝ્ડ ઓફીસર, ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.ની તરફેણમાં બેંકર્સ ચેક / ડીડી / એન.ઈ.એફ.ટી. / આર.ટી.જી.એસ. દ્વારા અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી.) ની રકમ એટલે કે રીઝર્વ રકમની ૧૦% રકમ તેમજ બીડ ફોર્મ સીલબંધ કવરમાં તા. **૨૮.૧૦.૨૦૨૪** ના બપોરે ૪.૦૦ કલાક સુધીમાં અથવા તે પહેલા જમા કરાવવાના રહેશે. વધુમાં નોંધ લેવી કે સફળ બીડરની ઇ.એમ.ડી.ની રકમ વેચાણની કિંમત સામે સરભર કરવામાં આવશે અને અસફળ બીડર(રો) ની ઈ.એમ.ડી. રકમ પરત કરવામાં આવશે. બિડરે તેના બેંક ખાતાની સંપૂર્ણ વિગત આપવાની રહેશે. (૩) મેળવેલ બીડમાંથી જે બીડ ઉચ્ચામાં ઉચ્ચી કિંમતની હશે તે બીડમાં દર્શાવેલ કિંમત તે મિલ્કતની મુળ કિંમત ગણી એટલે કે બેઝ પ્રાઈઝ ગણી બીડર તે બીડની રકમ કરતા વધુ રકમનું બીડ કરવા મંજુરી આપવામાં આવે છે. (૪) સકસેશફુલ બીડરે તાત્કાલીક અથવા તેની / તેણીની / તેને તરફેણમાં વેચાણ મંજુર થયે એટલે કે વધુમાં વધુ બેંકના કામકાજના બીજા દિવસે બીડની ૨૫% રકમ ઈ.એમ.ડી.ના ૧૦% સહીત અને બાકીની રકમ ઓથોરાઈઝ્ડ ઓફીસર, ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.ની. તરફેણમાં બેંકર્સ ચેક / ડીડી / આર.ટી.જી.એસ. / એન.ઈ.એફ.ટી. દ્વારા ૧૫ માં દિવસે અથવા તે પહેલા જમા કરવાની રહેશે. (૫) સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, ટ્રાન્સફર ફી, મેઈન્ટેનન્સ ચાર્જીસ, ઇલેક્ટ્રીક ચાર્જીસ વગેરે માટે ચુકવવાપાત્ર ચાર્જીસ / ફી વગેરે તમામ ખર્ચ સફળ બીડરે ભોગવવાનો રહેશે. એટલે કે તમામ જવાબદારી માત્ર સફળ બીડરની રહેશે. અધિકૃત અધિકારી વેચાણ હેઠળની મિલ્કતના સંબંધમાં સરકારી અથવા સ્થાનિક સંસ્થા અથવા કોઈપણ અન્ય પ્રાધીકરણની કોઈપણ બાકી રકમ, ચાર્જ, ભોગવટા હક્ક, મિલ્કત વેરા માટે જવાબદારી લેશે નહીં. (૬) અધિકૃત અધિકારી કોઈપણ કારણ જણાવ્યા વગર અથવા કોઈપણ આગોતરી નોટીસ આપ્યા વગર બીડનો સ્વીકાર / અસ્વીકાર કરવાનો અથવા વેચાણ મોકુફ / મુલત્વી / રદ્દ કરવાનો અથવા વેચાણની કોઈપણ શરત અને નિયમોમાં ફેરફાર કરવાનો અથવા કોઈપણ તબક્કે હરાજીની કાર્યવાહીમાંથી કોઈપણ મિલ્કત અથવા તેનો ભાગ પાછો ખેંચવાનો અનામત હક્ક ધરાવે છે. (૭) દસ્તાવેજ બીડની પૂરેપૂરી રકમ જમા થયે / ચુકતે થયે સફળ બીડરની તરફેણમાં કાયદાના પ્રાવધાનો મુજબ કરી આપવામાં આવશે. દસ્તાવેજમાં બીડ ફોર્મમાં દર્શાવેલ નામ સિવાય અન્ય કોઈ નામનો ઉમેરો કે નામ બદલી આપવામાં આવશે નહીં અને તેવી વિનંતી પણ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. (૮) વિવાદની સ્થિતિમાં આ પ્રાથમિક નિયમો અને શરતો અંગે બેંક કે બેંકના અધિકૃત અધિકારીનો નિર્ણય આખરી ગણાશે. **આ વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે બેંકની વેબસાઈટ www.tcbrl.com માં જોવા વિનંતી.**

'Sahakar Sarita', Panchnath Road, Rajkot - 360 001 (Gujarat)
0281 - 2234454 / 2224120 Fax: 0281 - 2236682 info@tcbrl.com tcbrl.com

તારીખ : ૦૯.૧૦.૨૦૨૪ સહી/- ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર
સ્થળ : આણંદ ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.